જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૦૧/૨૦૨૧ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૫૯/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૨૫ | ૭ | ૧૧૧૩૨ | ૧૭૨૫૫ | ૭ | ૧૭૨૬૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૯૮ | ૧ | ૪૬૯૯ | ૬૨૨૧ | ૧ | ૬૨૨૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૩ | ૦ | ૬૩ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૬૮૯૦ | ૧૪૬ | ૨૭૦૩૬ | ૨૮૦૬૮ | ૧૫૧ | ૨૮૨૧૯ |
| | કુલ | ૪૨૭૭૬ | ૧૫૪ | ૪૨૯૩૦ | ૫૧૮૦૪ | ૧૫૯ | ૫૧૯૬૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૮ | ૧૬,૭૯,૮૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૧૩ | ૩૭,૧૩,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન

## વિદેશી દારૂની હેરાફેરી કરતા ઇસમોને પાસા હેઠળ અટકાયત કરતી ચાંદખેડા પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબશ્રી 'એલ' ડિવીઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં પ્રોહી/જુગારની પ્રવૃત્તિ સદંતર નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓના સુપરવિઝન હેઠળ અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે આવા ગુનાઓ આચરતા ઈસમો ઉપર સતત વોચ રાખી અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૦૧૧૯૫/ ૨૦૨૦ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ તથા ગુજરાત નશાબંધી (સુધારા) અધિનિયમ ૨૦૧૬ ની કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧ મુજબ ગુનાના કામના આરોપી રમેશકુમાર સ/ઓ પુઇયારામ સોનારામ રબારી(પાંચલા) ઉં.વ.૨૧ રહે. ગામ પાંચલા(રબારીઓના ગોળીયા-ખેડા), જીલ્લો-ઝાલોર રાજસ્થાન નાનો તેના સાગરીતો સાથે ભારતીય બનાવટનો વિદેશી દારૂની નાની મોટી કુલ બોટલ નંગ ૨૯૩ કિ.રૂ.૪૧,૩૦૦/-નો મારૂતી બલેનો વાહન નં.RJ-16-CA-6073 કિ.રૂ.૫,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૪ કિ.રૂ.૯,૫૦૦/- તથા રોકડ નાણાં રૂ.૬૭૦ મળી કુલ્લે કિ.રૂ. ૫,૫૧,૪૭૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવૃતિ પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય જેથી સદરી આરોપી વિરૂધ્ધમાં પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા મે.પોલીસ કમિશનર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી આરોપીને હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૦/૨૦૨૧ તા.૦૯/૧/૨૦૨૧ થી રાજકોટ જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા હુકમ કરતાં સદરીને આજરોજ તા.૦૯/૧/૨૦૨૧ ના કલાક ૨૨/૨૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

**કામગીરી કરનાર :-**

(૧) અ.હે.કો. નિખીલેષ દિપકભાઇ બ.નં.૮૫૩૯

(૨) એ.હે.કો. સુરેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૭૦૦૩

(૩) પો.કોન્સ. પ્રકાશભાઇ કાંતીભાઇ બ.નં.૧૩૧૬૭



## ઓઢવ પોલીસ સ્ટેશન

# પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને સુરત લાજપોર જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

## પાસા અટકાયતી :-

સુબેદાર ઉર્ફે માયા રાજેન્દ્રપ્રસાદ યાદવ ઉ. વ. ૨૮ ધંધો-મજુરી રહે-રાવનો વંડો શ્રીરામ ડેરી ચાર રસ્તા પાસે પોસ્ટ ઓફીસ ચાર રસ્તા પાસે અમરાઇવાડી અમદાવાદ શહેર

## પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૦૦૯૭૮/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(ઈ),૮૧,૯૮ (૨) મુજબ

## પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં - પીસીબી/ડીટીએન/પાસા/૬૨/૨૦૨૧ તા. ૦૯/૦૧/૨૦૨૧ તથા બજવણી તા. ૦૯/૦૧/૨૦૨૧ ના કલાક ૨૨/૦૦ વાગે :- સુરત લાજપોર જેલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી ડી બી પલાસ તથા અ. હે. કો રાજેશભાઇ રમેશભાઇ બ.નં- ૬૭૭૯ તથા અ. પો. કો જયદીપસિંહ કનુભાઇ બ. નં. ૧૨૯૪૭ તથા અ. પો. કો છાપરાજભાઇ ઉગાભાઇ બ નં ૧૧૩૫૬

## ઇસનપુર પોલીસ સ્ટેશન

# શરીર સબંધીત ગુનાઓમા પકડાયેલ આરોપીની પાસા અટકાયત કરી મધ્યસ્થ જેલ સુરત મોકલી આપતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે"ડીવીઝન સાહેબનાઓ તરફથી વધુમા વધુ પાસાના અટકાયતી પગલા લેવાની સુચના મળતી હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી જે.વી રાણા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓએ અગાઉ શરીર સબંધિત ગુનાઓમા પકડાયેલ આરોપી વસીમ ઉર્ફે ગાંડી ફરીદખાન જાતે પઠાણ ઉવ-૨૯ ધંધો છુટક મજુરી રહે-મ.ન સી/૨૬ પાનવાળીચાલી ફિરદોસ કમ્પાઉન્ડ શાહઆલમ અમદાવાદ શહેરનુ પાસાનુ પ્રપોઝલ તૈયાર કરી પાસાનો હુકમ કરાવી સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ તથા સર્વેલન્સ સ્કોડના માણસો તથા પી.આઇ પર્સનલના માણસોએ આરોપી ને શોધી કાઢી પકડી પાડી તેને પાસા હુકમ નં પી.સી.બી/ડી.ટી.એન/પાસા/૫૪ /૨૦૨૧ તા.૦૭/૦૧/૨૦૨૧ થી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવામા આવેલ છે તા.૦૮/૦૧/૨૦૨૧

## પી.સી.બી

## ગા.હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાથી તીન પત્તીનો જુગાર રમતા ૬ ઈસમોને કુલ્લે ૧,૩૬,૦૫૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે તા.૯.૧.૨૦૨૧ ના રોજ પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓ સ્ટાફના મસઈ જશવંતસિહ બળદેવસિહ અહેકો રાજેન્દ્રસિહ જીવતસિહ અહેકો દિપનારાયણ રાજનારાયણ અહેકો મનોજભાઈ વિઠલભાઈ તથા અપોકો વિજયસિહ પૃથ્વીસિહ તથા અન્ય સ્ટાફના માણસો સાથે શહેર વિસ્તારમા પેટ્રોલીગમાં હતા દરમ્યાન સ્ટાફના અહેકો મનોજભાઈ વિઠ્લભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આરોપી શાહનવાઝ ઈકબાલખાન પઠાણના કબ્જા ભોગવટાવાળા મકાન શારદા પંડિતની ચાલી. લકી હોટલની પાછળ, ખમાસા, ગાયકવાડ હવેલી, અમદાવાદ શહેર ખાતે મકાન માંથી કુલ્લે ૬ આરોપીઓને તીન પતીનો નાણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૨૬,૦૫૦/, જુગારના સાધનો તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રૂ.૧,૩૬,૦૫૦/ ના મુદામાલ સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી ગા.હવેલી પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૨૧૨૧૦૦૯૭/૨૦૨૧ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

### પકડાયેલ આરોપીઓ :

(૧) શાહબાઝ મોહંમદનાશીર શેખ ઉ.વ.૩૦, રહે. ઘર નં.૩૨૨૩, ઠાકોર વાસ, વિષ્ણુ સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ શહેર

(૨) મોહસીનખાન ઇકબાલખાન પઠાણ ઉ.વ.૩૨, રહે. મ.નં.૪૭, એફ/ કોલોની,શાહઆલમ દરવાજાની સામે, શાહઆલમ, અમદાવાદ શહેર

(૩) અજય મુકેશભાઇ નકવાલ ઉ.વ.૨૫, રહે. મ.નં.૧૫/૩૬૦, પરીક્ષિતલાલનગર, બહેરામપુરા, દાણીલીમડા, અમદાવાદ શહેર

(૪) અફઝલ યાસીનભાઇ છીપા ઉ.વ.૨૦, રહે. મ.નં.૧૮, છીપા સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ શહેર

(૫) ઇમરાન ફારૂકભાઇ શેખ ઉ.વ.૩૪, રહે. મ.નં.૧૯, નવી મસ્જીદની સામે, છીપાવાડ, ખમાસા, અમદાવાદ શહેર

(૬) પિનાકીન ભાનુકાંત મકવાણા ઉ.વ.૩૬, રહે. ત્રિમંદિરની ચાલી, મજુરગામ, બહેરામપુરા, અમદાવાદ શહેર

## <u>ગુનાની જગ્યા</u> :

શારદા પંડિતની ચાલી. લકી હોટલની પાછળ, ખમાસા, ગાયકવાડ હવેલી, અમદાવાદ શહેર ખાતે મકાન માંથી

## <u>પકડાયેલ મુદામાલ :</u>

(૧) રોકડા નાંણા રૂ.૨૬,૦૫૦/ (૨) મોબાઇલ ફોન નંગ-૦૪ કિંમત રૂ.૯૦,૦૦૦/(૩) હોન્ડા એક્ટીવા કિંમત રૂ.૨૦,૦૦૦/- (૪) ગંજીફાના પાના નંગ-૫૨ કિંમત રૂ.૦૦/- મળી <u>કુલ્લે રૂ.૧,૩૬,૦૫૦/- ની મત્તાના મુદ્દામાલ</u>



**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૪૦૦ લીટર દેશી દારૂ, ૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૭૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૧ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૬૨/૨૦૨૧**

**નરોડાઃ** શીતલકુમાર કાન્તીલાલ જૈન (ઉ.વ.૩૬) (રહે.સલમપોળ શણગાર શેરી આનંદચોક સરસપુર શહેરકોટડા) એ તા.૦૯/૦૧/૨૦૨૧ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૧/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ગણેશ રેસીડેન્સી દુકાન નંબર-૧૦ “શ્રી શ્રેયાંશ જવેલર્સ” નામની પોતાની દુકાનમાં ગ્રાહક બની આવેલ એક સ્ત્રી અને એક પુરૂષે સોનાની નાકની ચુની લેવાની વાત કરી કારીગરોને વાતોમા વ્યસ્ત રાખી સોનાની નાકની ચુનીઓવાળુ બોક્સ કિમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- નજર ચુકવી સાડીમા સંતાડી ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૩/૨૦૨૧**

**ઓઢવઃ** રોહીતકુમાર મુરાલી ગૌતમ (ઉ.વ.૨૭) (રહે.શ્રમજીવી વસાહત સૌરાષ્ટ્ર પટેલ સોસાયટી રામાપીરના મંદીરની પાસે અમરાઇવાડી) એ તા.૦૮/૦૧/૨૦૨૧ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ આદીનાથનગર પંચરત્ન એવન્યુ ખાતે આવેલ મકાનમાં ગ્રાઇન્ડર મશીનથી POP નુ કટીગ કરતા અચાનક ગ્રાઇન્ડર મશીન છટકી જતા ગ્રાઇન્ડર મશીનની બ્લેડ રોહીતકુમારને ગળાના ભાગે વાગતા ગંભીર ઈજાઓ જતા સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ બળવંતસિહ ચલાવે છે.

**ભુલથી એસીડ પી લેતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૪/૨૦૨૧**

**શહેરકોટડાઃ** ઇશ્વરભાઇ સેંધાભાઇ પટણી (ઉ.વ.૬૦) (રહે,ભગવતીનગર પંડિતનગરના છાપરાં રામાપીરના મંદિર પાસે સરસપુર) એ તા.૦૮/૦૧/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દવા પીવાને બદલે ભુલથી એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૧/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિહ જુજારસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૫/૨૦૨૧**

**ઓઢવઃ** ગોંવિદભાઇ જેંસીગભાઇ દંતાણી (ઉ.વ.૫૮)(રહે.ચુનારાવાસ અમૃત વિદ્યાલય પાસે ઓઢવ ગામ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૨૦ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૧/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અનિલભાઇ ભગવાનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી